# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત રાજ્યની તમામ (૮ મહાનગર પાલિકાઓ વિસ્તારના કેન્દ્રોમાં સમાવિષ્ટ શાળાઓ સિવાયની) વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની ધોરણ-૧૨, વિજ્ઞાન પ્રવાહના રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન અને જીવ વિજ્ઞાન વિષયની પ્રાયોગિક પરીક્ષા તા.30/03/૨૦૨૧ થી તા.૧૨/૦૪/૨૦૨૧ દરમ્યાન નક્કી થયેલ પરીક્ષા સ્થળો ખાતે લેવામાં આવનાર છે. પ્રાયોગિક પરીક્ષાના પરીક્ષાર્થીઓની પ્રવેશિકા (હોલટીકીટ) તા.૨૨/03/૨૦૨૧ સોમવારથી બોર્ડની વેબસાઈટ **www.gseb.org** અથવા **sciprac.gsebht.in** પરથી શાળા દ્વારા ડાઉનલોડ કરીને તેની પ્રિન્ટ કાઢીને પરીક્ષાર્થીના મે-૨૦૨૧ પરીક્ષાના આવેદનપત્ર મુજબના વિષયોની ખરાઈ કરીને તેમાં પરીક્ષાર્થીની સહી, પરીક્ષાર્થીના વર્ગ શિક્ષકની સહી તેમજ આચાર્યશ્રીના સહી-સિક્કા કરીને પરીક્ષાર્થીઓને આપવાની રહેશે. જેની તમામ સંબંધિતોને નોંધ લેવા અને સમયમર્યાદામાં જરૂરી કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવે છે. પરીક્ષાર્થીના વિષયો બાબતે કે અન્ય કોઈ વિસંગતતા જણાય તો બોર્ડની ગાંધીનગર ખાતેની કચેરીની વિજ્ઞાન પ્રવાહ શાખાનો જરૂરી આધારો સાથે સંપર્ક કરવો.

<u>હોલટીકીટ ડાઉનલોડ કરવાની પ્રક્રિયા</u>

શાળા દ્વારા પ્રવેશિકા (હોલટીકીટ) ડાઉનલોડ કરવા માટે શાળાનો ઈન્ડેક્ષ નંબર અને શાળાનો નોંધાયેલ મોબાઈલ નંબર એન્ટર કરવાનો રહેશે. ત્યારબાદ મોબાઈલ પર મળેલ **OTP** એન્ટર કરી લોગઈન કરી શકાશે (અથવા શાળાનો નોંધાયેલ **E-MAIL ID** એન્ટર કરી ત્યારબાદ **E-MAIL** પર મળેલ **OTP** એન્ટર કરી લોગઈન કરી શકાશે.) લોગઈન કર્યા બાદ આવેદનપત્ર ભરેલ તમામ વિદ્યાર્થીઓની યાદી દેખાશે. વિદ્યાર્થીના નામની સામે ક્લીક કરી હોલટીકીટ **Download** કરવાની રહેશે.

<u>નોંધ</u>:-**Covid-19** ની પરિસ્થિતિના કારણે જે ૮ મહાનગર પાલિકાના વિસ્તારના કેન્દ્રોમાં વિજ્ઞાનપ્રવાહની પ્રાયોગિક પરીક્ષા સ્થગિત રાખેલ છે તે કેન્દ્રોમાં સમાવિષ્ટ શાળાઓએ હાલ હોલટીકીટ ડાઉનલોડ કરવાની નથી. આવી શાળાઓની યાદી બોર્ડની વેબસાઇટ પર મૂકવામાં આવેલ છે.

જા. ન. /મા.વિ./૨૦૨૧/૫૦૨૮
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન-૨, બી બ્લોક,
ત્રીજો માળ, અઠવાલાઈન્સ, સુરત.
તા.:૨૩/૦૩/૨૦૨૧

(જે.જી.પંડયા)
નાયબ નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તારીખ:-૨૨/03/૨૦૨૧
સ્થળ :- ગાંધીનગર

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લા/શહેરની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ
વ/- અમલ વારી સારૂ...

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો, સુરત.